

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વરસાદ પડે, શાળાનાં બાળકોને રજા-મજા,*
*પણ રજા પડે તો કોલેજીયનને સજા-સજા.*
*નેતાઓ-સાહેબો પર વરસી પડે કજા-કજા!!*
*અને પ્રેમીઓમાં તો છલકાય ડેમ, ઉર્જા-ઉર્જા...*
*(વરસાદી રજામાં પડે વિજયી)*

હાઈકુ

*સાચી આગાહી,*
*ભારેથી અતિભારે -*
*વરસે ચિંતા...*
*(હવામાન ખાતાંને ધન્યવાદ)*

*ભીની જટાથી*
*શર્દી ન થઈ જાય!*
*ધ્યાન રાખજો!*
*(શ્રાવણી ભક્તો!)*

### ચિંતન

*નિર્મમો નિરહંકારો ન કિંચિદ્ ઈતિ નિશ્ચિતઃ ।*
*અંતર્ગલિત સર્વાંશઃ કુર્વન્નપિ કરોતિ ન ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્રગીતામાંથી લેવાં આવેલ છે.

જેની સર્વ આશાઓ અંદર જ ગળી ગઈ છે, ને જેને ખાતરી છે કે કંઈ છે જ નહિં તેવો મમત્વરહિત અને અહંભારરહિત જ્ઞાની કર્મ કરવા છતાં કાંઈ જ કરતો નથી. જેને કોઈ જ આશા નથી, આકાંક્ષા નથી, મમતા નથી ને અહંકાર નથી, એ પછી સદાય તૃપ્ત છે. એને કંઈ જ ઓછપ લાગતી જ નથી. એ જે કંઈ કરે છે તે પણ ઈશ્વરનું કારણ બનીને, કર્તુત્વભાવ વિના જ કરે છે.

॥ હું કરું હું કરું એ જ અજ્ઞાનતા - સકટનો ભાર જેમ શ્વાન તાણે ॥

જગત નિયંતા વિધાતા - ઈશ્વર જ બધું કરે છે. કતૃત્વભાવથી રહિત કર્મ કરવાથી માણસ કર્મબંધનથી બંધાતો નથી. ઈશ્વર જ બધું કરે - કરાવે છે એ વાત સદાય મનમાં રાખી કર્તવ્ય કરવા.

### સુવિચાર

- બી.પી. કાબુમાં રાખવાનાં બે ઉપાય છે (૧) ખારું ખાવું નહીં (૨) ખારું થાવું નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- 'મારું શું થશે' કહ્યું કે બગડ્યું! અનો અર્થ એમ કે એ આત્માને ગણકારતો જ નથી. આત્મા અનંત શક્તિવાળો અંદર બેઠો છે તો તેની પાસે શક્તિ માગી શકાય - **આપ્તસૂત્ર**
- 'સિન્સીયારિટી' અને 'મેટાલિટી' એ ભગવાનની પાસે જવાનો મેઈન રોડ છે, બીજા બધા જ 'બાય વે' છે - **દાદા ભગવાન**
- બુદ્ધિશાળીઓને શ્રદ્ધાનું તળિયું ના જડે, તરતાં રહેવું ને દરિયાની ઊંડાઈ માપવી એ બે એક સાથે ના બને - **જનકલ્યામ**
- વાડને બહુવાર સુધી ડોયા કરવાથી કૂદી જવી સહેલી બની જતી નથી - **મલેશિયન કહેવત**
- પોતાનાં સુખ માટે બીજાને દુખી કરવામાં સહેજ પણ દયા ન રાખે તેનું નામ દુર્જન - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : કેરીની ગોટલી સેકીને ખાવાથી ઝાડા બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સિદ્ધરાજ જયસિંહ લાંબો સમય માટે રાજયની બહાર રહેવાના હોવાથી એમણે એમના વિશ્વાસુ પ્રધાનને સઘળો વટીવટ સોંપ્યો. સિદ્ધરાજ ગયા અને એક ગામમાં કુવા, તળાવ, વાવ, નદી સુકાતા ચાલ્યા. પાણીની મુશ્કેલી ઘેરી બની. એવામાં ગામના પરોપકારી શેઠે પ્રધાનને વિનંતી કરતાં કહ્યું, 'આપની અનુમતિ મળે તો હું અમારા ગામમાં કુવો ખોદાવું.' પ્રધાન કહે, 'હું તમારી ભાવનાની કદર કરું છું. પણ કુવો ખોદવાનું કામ તો રાજયનું છે, એટલે એ કાર્ય રાજયના ભંડારના ખર્ચે જ થશે.' કુવો ખોદવાનું કામ પૈસાના અભાવે ખોરંભે ચડ્યું... 'કુવા માટે પૈસા લાવવા કયાંથી. પેલા પરોપકારી શેઠે એક તરકટ રચ્યુ. એમણે પોતાના દીકરા પાસે એક જગ્યાએ ચોરી કરાવી અને પછી સામે ચાલીને પ્રધાન પાસે આ ચોરીની બાતમી પહોંચાડી.' પ્રધાન તો આશ્ચર્યચક્તિ થઈ ગયા. એક બાપ થઈને સગા છોકરાનો ગુનો જાહેર કરે એ તો કેવી મહાનતા! પ્રધાને શેઠને કહ્યું, 'બોલો શેઠ, આપના પુત્રને ચોરીના ગુના બદલ શી સજા કરવી તે કહો, 'શેઠે સખત અવાજમાં કહ્યું, 'ગુનેગાર ભલે ગમે તે હોય, હું ઈચ્છું છું કે આ ગુના બદલ ગુનેગારને પચાસ હજાર રોકડા રૂપિયાનો દંડ થાય.' પ્રધાને આદેશ કર્યો. શેઠે પચાસ હજાર ભરી દીધા. 'વળી પાછુ પેલા કુવાનું અધુરું કામ શરુ થયું. સિદ્ધરાજ પાછા ફર્યા ત્યારે પ્રધાનની આ વાત સાંભળી. ચતુર રાજવી તરત સમજી ગયા. એમણે શેઠને બોલાવી સાચી હકીકત જાણ કરવા કહ્યું, શેઠે સત્ય સ્વીકાર્યું. અને રાજાએ એ પચાસ હજાર રૂપિયા શેઠને પરત કરી આભાર વ્યક્ત કર્યો.'

# શ્રાવણ : ભીની ભીની ભક્તિનાં ઘોડાપૂર

**તંત્રીસ્થાનેથી...**

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થઈ ચૂક્યો છે. હિંદુ જનચેતનામાં આ માસ આગવું મહત્ત્વ ધરાવે છે. જે મહિમા ઈસ્લામમાં રમજાનનો છે તે હિંદુ ધર્મમાં શ્રાવણનો છે. એ તપ અને તિતિક્ષાનો મહિનો છે. વળી આ મહિનામાં હિંદુ ધર્મના બેઉ મુખ્ય પંથોનો સમન્વય સધાતો જોવા મળે છે. એક તરફ આખો માસ દેવાધિદેવ શિવજીની ભક્તિ અને પૂજાને સમર્પિત છે, તો બીજી તરફ એ જ શ્રાવણમાં ભગવાન કૃષ્ણનું પ્રાગટ્યપર્વ પણ આવે છે. શ્રાવણમાં ચોમાસું એની ચરમસીમાએ હોય છે. આ ભીની ભીની ઋતુમાં ભક્તિ અને પ્રેમ એકમેક સાથે રસાઈ જઈ અમૃત સંજીવની સમાં બની રહે છે. શિવભક્તો પાર્થિવ પૂજાથી લઈ દૂર દૂરથી કાવડમાં આણેલા ગંગાજળથી માઈલો પગપાળા ચાલી શિવજીના સ્વયંભૂ લિંગ પર અભિષેક કરે છે વળી આ જ મહિનામાં શ્રદ્ધાળુઓ ચારધામ, અમરનાથ અને કૈલાસ માનસરોવરની યાત્રા કરી કૃતાર્થતા અનુભવે છે. આખોય મહિનો મંદિરોમાં ભજન અને ભક્તિનો માહોલ જામે છે. કથા-વાર્તાઓ અને ભાગવત સપ્તાહ કે નવાહન પારાયણો મંડાય છે. શૈવ અને વૈષ્ણવ ધર્મીઓ વચ્ચે કેટલાંક હિત ધરાવતાં સ્વાર્થી તત્ત્વોએ બાપે માર્યા વેર જેવી પરિસ્થિતિ સરજી હતી એનું સમાધાન આ પવિત્ર માસના ઉપવાસ અને વ્રતો દ્વારા થતું જોવા મળે છે. આપણા શાણા પૂર્વજોએ શિવને વિષ્ણુના અવતારો ગણાતા ભગવાન રામચંદ્રજી તથા ભગવાન શ્રી કૃષ્ણની પ્રશસ્તિ કરતા દર્શાવ્યા છે તો વળી ભગવાન રામ ડગલેને પગલે ભગવાન સદાશિવની પૂજા કરીને આગળ વધે છે. રાવણ સામે યુદ્ધે ચડતાં પહેલાં પણ એ રામેશ્વરની સ્થાપના કરે છે. શ્રીકૃષ્ણ પણ શિવભક્ત છે. આમ હિંદુ સમાજમાં અજ્ઞાનવશ પડી ગયેલાં ફાડચાંને સાંધીને એને સાચા અર્થમાં વિશ્વ માનવધર્મ તરીકે સ્થાપિત કરવાનું શ્રેય શ્રાવણ માસને જ આપવું રહ્યું, કારણ કે આખા મહિના દરમિયાન ભગવાન શિવજીની પૂજા-અર્ચના થાય છે અને એ જ માણસમાં સર્વાધિક લોકપ્રિય રસિકવર શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવાય છે. શિવજીને જે ભક્તિભાવપૂર્વક બીલીપત્રો ચડાવાય છે એટલા જ ઉમળકાભેર કાનુડાને હિંડોળે ઝુલાવાય છે. શ્રાવણ માસ દરમિયાન સતત વાતાવરણ પણ ભીનું રહે છે તેમ હૈયાં પણ ભક્તીભીનાં અને પ્રેમઘેલાં બની રહે છે. પ્રણયજીવો માટે વસંતઋતુ જેટલી જ 'પાવસઋતુ' પણ ચિત્તને ચકડોળે ચડાવનારી બની રહે છે. આ મહિનામાં ઠેર-ઠેર સાતમ આઠમના મેળા યોજાય છે, જયાં મળેલા જીવ હિલ્લોળે ચડે છે. આમ જુઓ તો ભગવાનનો કોઈ પણ અવતાર એ પ્રેમનો જ પર્યાય બની રહે છે. શિવજી તો અજન્મા કહેવાયા છે, પરંતુ એમને પણ કામદેવનાં બાણ વિચલિત કરી શક્યાં છે. પાર્વતીની પ્રિયજનને પામવા માટેની ઉગ્ર તપસ્યાને આજ લગી આપણી કુમારિકાઓ ગૌરીવ્રત સ્વરુપે ઊજવી પોતાને માટે સુયોગ્ય 'કેસરિયો વર' શોધી આપવા ગૌરી માતા - 'ગૌર્યમા' ને વીનવતી હોય છે. શ્રાવણ એ સંદર્ભે નવા ગૃહસ્થ જીવનની શોધનો મહિનો છે. શ્રાવણના અંતિમ દિવસોમાં જ જૈનોનાં પર્યુષણ શરુ થઈ જતાં હોય છે. ત્યાગ, તિતિક્ષા, ક્ષમા અને અહિંસાના આ પર્વ માટે યોગ્ય રીતે જ 'પર્વાધિરાજ' જેવું વિશેષણ વપરાતું રહ્યું છે. ભારતીય જનચેતનાને એના શ્રેષ્ઠ સ્વરુપમાં અભિવ્યક્ત કરતા આ શ્રાવણ માટે યોગ્ય રીતે જ મોક્ષદાયી માસ જેવું સન્માનજનક કોમ્પ્લિમેન્ટ યોજાયું છે. શ્રાવણમાં શિવજીના સોમવારોનો પણ મહિમા ગવાયો છે. સુયોગ તો જુઓ : આ વખતે શ્રાવણમાં પાંચ સોમવાર આવે છે ! પછી ભક્તિના ઘોડાપૂર ઊમટે એમાં શી નવાઈ?

# તો પછી તમે છો શું ?



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

'શું તમે ઈશ્વર છો ?'

એ માણસે ધારદાર સવાલ કર્યો હતો. ભગવાન બુધ્ધ પોતાના અનુયાયીઓ સાથે એક ગામથી બીજે ગામ જઈ રહયા હતા. પ્રશ્નોત્તરી અને ચર્ચાઓ ચાલતી હતી.પ્રશ્નોના ઉત્તરો મળતા હતા.ગંભીર મુદ્દાઓ પર પહેલા વિવાદ અને છેવટે સંવાદ અને પછી સમાધાન. શિષ્યોની શંકાઓના ઉકેલ શકય બનતા હતા.

એક માણસ બુધ્ધ પાસે આવ્યો અને તેમણે પૂછયું, "બુધ્ધ, મને કહો કે શું તમે ઈશ્વર છો ?"

"ના, હું ઈશ્વર નથી." બુધ્ધે જવાબ આપ્યો હતો.

"તો શું તમે દેવદૂત છો ?" તેણે પૂછયું હતું

"ના, હું તે નથી."

"શું તમે ધર્મોપદેશક છો ?" તેણે ફરી પૂછયું.

"ના, હું ધર્મગુરુ પણ નથી." બુધ્ધે ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો હતો.

"તો પછી તમે છો શું ?" તેની ધીરજ ખૂટવા આવી હતી.

બુધ્ધે ખૂબજ શાંતિ પૂર્વક આંખમાં આંખ પરોવીને શાંતચિત્તે કહયું, "વત્સ, હું જાગૃત છું."

આપણે સ્વાયત્તની જેમ કામ કરીએ છીએ મશીનની જેમ વર્તન કરીએ છીએ.

શું હું ખરેખર જાગૃત છું ? જો હું જાગૃત હોઉં તો હું તમાકું, ગુટખા, ધુમ્રપાન અને દારૂનો બંધાણી છું ? જો હું જાગૃત હોઉં તો મારા શરીરને હું પ્રભુએ આપેલું વરદાન સમજુ છું. જો હું જાગૃત હોઉં તો આ પૃથ્વી પર વિશિષ્ટ કાર્ય માટે આવ્યો છું એમ સમજું છું. જો આ બધાનો જવાબ ના હોય તો હું જાગૃત નથી. ઊંઘતાને જગાડવું સહેલું છે. પરંતુ જાગતાને... ? જાગતા હોવું અને જાગૃત હોવું બન્ને ભિન્ન બાબતો છે. માત્ર હક નહિ ફરજનું પણ ભાન હોવું તે જાગૃતતા. માત્ર વિરોધ નહીં ઓપ્શન પણ આપી શકું, સોલ્યુશન પણ લાવી શકું તો હું જાગૃત છું. અન્યને મદદરૂપ થવા માટે સતત કાર્ય કરતા રહેવું તે જાગૃતતા. મન અને હૃદય થી પોતાના વિચારો, લાગણીઓ તથા ક્રિયાઓ તરફ સભાન હોવું તે જાગૃતતા.

ખરેખર તો સભાન અને જાગૃત હોવું એટલે બુધ્ધ હોવું. !

સાચુ પૂછો તો આપણે જેમ વધુ વિકાસ કરતા ગયા એમ વધુ પછાત થતા ગયા. દુનિયા નાની થતી ગઈ એમ આપણાં મન પણ સંકુચિત થતાં ગયા છે. આપણા ઘરના બંધ દરવાજાની પાછળ આપણી અંગત અને પરિવારની સલામતીની બહાર હવે આપણે કશું વિચારી શકીએ તેવા રહયા નથી.

કોઈ પણ ઘટના કે મુદ્દા બાબતે આપણો મત સ્પષ્ટ અને એક જ કે "મારે શુ?" ગામમાં, સમાજમાં કે દેશમાં કંઈપણ થાય તો "મારે શું ?" નું વલણ જોર પકડતું જાય છે. કોઈ પણ ને કયાંય પણ બનતી ઘટના સાથે મારે નિસ્બત નથી. જો નિસ્બતનો છેદ ઉડાવી દો પછી જાગૃતતાની વાત કયાં કરવી ?માણસ નિસ્બત વગરનો થતો જાય ત્યારે તે જાગૃત કેવી રીતે હોઈ શકે ? નિસ્બત છે તો જવાબદારી છે. જવાબદારી છે તો દેશ પ્રત્યે પ્રેમ છે.

***મિસરી***

**જો બે ઘડી યુધ્ધ અટકાવી શકું**
**તો હું બુધ્ધ થઈ શકું. (અજ્ઞાત)**

- santoshdevkar03@gmail.com

# સંસ્કૃત ભાષા મૃતા નાસ્તિ, અમૃતા અસ્તિ






**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ઉપરનું શીર્ષક સંસ્કૃત ભાષાં લખાયેલા હોવા છતાં આપ તેને સમજી જ ચૂક્યા હસો... સંસ્કૃત ભાષાની મધુરપ જ એ છે કે દરેકની સમજમાં ઝડપથી આવી શકે છે.

આપણા દરેક ધર્મગ્રંથ સંસ્કૃત ભાષામાં છે, વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, પુરાણ, ગીતા બધુ જ ધાર્મિક સાહિત્ય સંસ્કૃત ભાષામાં છે. આ શ્રાવણ માસમાં જે શંકરની આપણે અનરાધાર ભક્તિ કરીશું તે શિવમહિમ્ન્ સ્તોત્ર - માનસ પૂજા - બિલ્વાષ્ટકમ્ - રુદ્રી આ બધું જ સંસ્કૃત ભાષામાં છે.

કોઈ પણ દેશની સંસ્કૃતિ અને ભાષાને ખતમ કરી દેવામાં આવે પછી તે સભ્યતા આપોઆપ નષ્ટ થઈ જાય છે....

જો કે ગુજરાત રહેતા આપણે જો ગુજરાતી આપણી માતૃભાષાથી જ મોઢું ફેરવી ગયા હોઈએ તો દેવભાષા સંસ્કૃત માટે તો કોણ પ્રયત્ન કરે!

સંસ્કૃત પ્રત્યે આદર અને માન રાખવાવાળા તો ઘણા પડ્યા છે, જરૂર છે સંસ્કૃત બોલનારાઓની ભાષાનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જયારે તે બોલચાલની ભાષા બને છે.

આપણે ત્યાં હજી એ કમનસીબી છે કે સંસ્કૃત ભાષા પણ ગુજરાતી માધ્યમથી ભણાવવામાં આવે છે.

સ્વતંત્રતા પછી ભારતમાં સંસ્કૃતને પુનઃ મહત્ત્વ આપવા માટે કેટલાક પ્રયત્નો શરુ થયા છે, ભારતીય સંવિધાનમાં ડૉ. આંબેડકરે સંસ્કૃતને રાજભાષા બનાવવાનો પ્રયત્ન કરેલો... સંવિધાનમાં પણ ઉલ્લેખ થયેલો છે કે રાષ્ટ્રભાષાનો વિકાસ વિશેષ કરીને સંસ્કૃત થકી થવો જોઈએ...

માધ્યમિ શિક્ષા આયોગ (૧૯૫૨-૫૩) માં પણ સંસ્કૃતને પ્રોત્સાહન આપવામ ંગ કરેલી. રાજભાષા આયોગે (૫૫-૫૬) માં સંસ્કૃત શિક્ષણ પર જોર આપ્યું હતું. ૧૯૫૬માં સંસ્કૃત આયોગની સ્થાપના થઈ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે સંસ્કૃત વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી...

અત્યારે દેશમાં ૧૫ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વિદ્યમાન છે. તેમાં ગુજરાતનું સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય પણ સમાવિષ્ઠ છે.

લગભગ ૧૨૦ સામાન્ય વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃતનું અભિવ્યક્ત થઈ રહ્યું છે. વિશ્વના ૪૬ દેશોમાં ૨૬૦ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત ભણાવવામાં આવે છે.

૧૯૭૦માં સંસ્કૃત ઉત્થાન માટે 'રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન'ની સ્થાપના કરવામાં આવી.

વિભન્ન રાજયોની સ્કૂલ પરંપરામાં પારંપરિક પાઠશાળાઓ અને સામાન્ય વિદ્યાલયોમાં સંસ્કૃતના સંવર્ધન માટે મધ્યપ્રદેશમાં 'પતંજલી સંસ્કૃત સંસ્થાન' છત્તીસગઢમાં 'છત્તીસગઢ સંસ્કૃત બોર્ડ' બિહારમાં 'બિહાર સંસ્કૃત બોર્ડ' અસમમાં અને ઉત્તરપ્રદેશમાં પણ અલગ સંસ્કૃત શિક્ષાબોર્ડની ફાળવણી કરવામાં આવી છે.

રાજસ્થાનમાં તો ૧૯૫૮થી સ્વતંત્ર સંસ્કૃત નિર્દેશાલય તથા સંસ્કૃત શિક્ષણમંત્રીનું પદ અલગથી ફાળવવામાં આવે છે.

સમગ્ર દેશમાં વિકાસની દષ્ટિએ અન્ય રાજયોને પ્રેરણા પૂરી પાડનાર આપણું ગુજરાત અગ્રેસર રહ્યું છે. પરંતુ દુઃખની વાત એ છે કે સંસ્કૃતની બાબતમાં આપણા રાજયમાં વિશેષ કાંઈ ગંભીર ચિંતા કરવામાં આવી નથી.

આથી ગુજરાતમાં પણ સંસ્કૃતના સંરક્ષણ માટે સંસ્કૃત પાઠશાળાઓની સંખ્યા વધારવી તેમજ તેમની સંબદ્ધતા, પરીક્ષાનું પ્રશિક્ષણ, પાઠ્ય આયોજન, સંચાલન, અનુદાન અને સામાન્ય વિદ્યાલયો તેમજ પાઠશાળાઓના શિક્ષકોનું પ્રશિક્ષણ, પાઠ્યપુસ્તકો. પાઠ્યપુસ્તકોનું નિર્માણ તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે સ્વતંત્ર શિક્ષણ બોર્ડની સ્થાપના અત્યંત જરૂરી છે.

બાકી જયાં સુધી જનસામાન્ય સુધી આ ભાષા લોકભોગ્ય ભાષા તરીકે પ્રસ્થાપિત નહીં થાય ત્યાં સુધી 'કર્મણ્યે વાધિકાર સ્તે' જેવા વ્હોટ્સએપ પર જોક ફરતાં જ રહેશે.

સંસ્કૃત ચોક્કસ વર્ગની જ ભાષા છે, અને અન્ય માત્ર દેવ ભાષા કહીને બેસી રહે તે તો ન જ ચાલે... સદ્નસીબે આજે સમાજમાં ઘણી એવી સંસ્થાઓ કાર્યાન્વિત છે, જે સંસ્કૃતોત્થાન માટે કાર્યરત છે, 'સંસ્કૃતભારતી' આમાની જ એક સંસ્થા છે.

વર્ષોથી સંસ્કૃત ભારતી દ્વારા સંસ્કૃતના પ્રચાર અને પ્રસાર માટે પ્રયત્નો થઈ રહ્યાં છે, તેના ફલસ્વરુપે આજે લાખો લોકો સંસ્કૃતમાં બોલતા થઈ ગયા છે. લોકોમાં સંસ્કૃત બોલવાનો ક્રેઝ વધી રહ્યો છે. સંસ્કૃતમાં બોલવું એ જયારે સ્ટેટ્સનો વિષય બનશે ત્યારે ભાષા આપોઆપ ઉપર ઉઠશે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# જો પહોંચવું જ હોય તો અડચણ કશી નથી, શંકાથી હું શરૂ કરી, શ્રદ્ધા સુધી ગયો



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'મામા, આજે અમે તમારો બહુ સમય લીધો.'

'ના બેટા, તમે મને સો બ્રાહ્મણોને ભોજન કરાવવાનું પુણ્ય આજે સ્થાપી આપ્યું છે.'

શ્રાવણ મહિનાનો પહેલો દિવસ. એમાં પણ વર્ષો બાદ પાંચ સોમવારનો મહિમાવંત શ્રાવણ માસ... એમાંય વળી પહેલો અને છેલ્લો દિવસ સોમવારે જ... આમ ધીંગી ધારે વરસતાવ વરસાદના સાનિધ્યમાં શ્રાવણ મહિનાનો આરંભ થયો હતો. ઓમ નમઃ શિવાયનો નાદ મોબાઈલ ફોનમાંથી ઘરમાં ગુંજતો હતો. જયોતિબા એમની રોજિંદગી સેવા પૂજામાં વ્યસ્ત હતા અને એમના દીકરાની દીકરીઓને કહી રહ્યા હતા કે 'બૈટા આજે હમણાં મંદિરે જવું છે, જોબ પર કે સ્કૂલે જતા પહેલા આપણે સાથે મંદિર જઈ આવીશું.'

દરમિયાન મોબાઈલ પર ફોનની રીંગ વાગી, બે-પાંચ મિનિટ મનીષાએ ફોન પર વાત કરી અને પતિને કહ્યું, 'અમેરિકાથી પાર્થભાઈનો ફોન છે...' સામે છેડેથી પાર્થ અને એની પત્ની દિશાએ વાત કરી... એ પછી આ સંવાદ થયો.

અમદાવાદમાં મણિનગર વિસ્તારમાં રહેતા ડૉ. જયપ્રકાશ ભટ્ટ અને એમના પત્ની છાયા ભટ્ટનું તબીબીક્ષેત્રે છેલ્લા ત્રણ દાયકામાં ખુબ સારું નામ અને કામ રહ્યું છે. ઈસનપુરમાં આવેલા એમના દવાખાનામાં આવતા દર્દીઓને સાચી અને શ્રેષ્ઠ સારવાર આપીને એમણે એ વિસ્તારમાં ખાસ્સી લોકપ્રિયતા હાંસલ કરી છે.

એમનો દીકરો પાર્થ પણ યુવાન થતા પોતાના રસ-રુચિ સાથે તબીબી ક્ષેત્રમાં જ પ્રવેશ્યો. ખુબ સારું ભણ્યો અને સમય જતાં યુએસમાં ટેક્સાસમાં સેટલ થયો. નાની બહેન શૈલી પણ ભાઈના અને પપ્પાના માર્ગે મક્કમ ગતિએ મેડિકલ ક્ષેત્રમાં જ આગળ અભ્યાસ કરતી થઈ. સમય જતાં પરિવારના જ પરિચિત સ્વજનની દીકરી દિશા જે પણ તબીબી ક્ષેત્રમાં જ હતી એની સાથે પાર્થના વૈવાહિક જીવનનો આરંભ થયો... બંને ખુશી-ખુશી અમેરિકામાં પુરુષાર્થ સાથે પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધતા રહ્યા...

દિશા અમદાવાદમાં હતી ત્યારે શાસ્ત્રીય અને સુગમ સંગીતના જાણકાર ઘનશ્યામભાઈ પાસેથી સંગીતની તાલીમ લીધેલી... એટલે ગાયન-વાદન-નૃત્ય-ચિત્ર આવી કલાઓમાં પણ એની વિશેષ રૂચિ હતી. સંગીત વિશારદના ૪-૫ વર્ષનો અભ્યાસ પણ દિશાએ કર્યો. અલબત્ત મેડિકલનું ભણવામાં પછીથી વિશારદ ફાઈનલ સુધી પૂરું ન થયાનો વસવસો પણ એને રહ્યો.

પહેલા અમેરિકામાં અલગ અલગ શહેરોમાં રહેતા પાર્થ અને દિશા હવે ટેકસાસમાં સાથે રહેતા થયા. અને ફરી પેલી સંગીત સાથે જોડાયેલી ચેતનાએ ગાયનના તાર ઝંકૃત થયા... ઘરમાં જ એ ધીમે ધીમે મધુર સ્વરે ગાતી થઈ... પાર્થ એની સરાહના કરતો થયો અને અનેક દિવસ બંનેને વિચાર આવ્યો કે દિશા સંગીતક્ષેત્રે કારકિર્દી અપનાવે તો કેવું રહે? આ પ્રશ્નનો જાતે જ ઉકેલ શોધવા પ્રયાસ કર્યો... એકાદ મહિનાના મનોમંથન બાદ અમદાવાદ મમ્મી છાયાને પુછ્યું. તો એમણે કહ્યું કે 'બેટા, મામા આ ક્ષેત્રે જ કામ કરે છે, શ્રેષ્ઠ અને સાચી સલાહ વાસ્તવિકતા સાથે તને એ જ આપી શકે.' એટલે પાર્થે પહેલા એસ.એમ.એસ. અને પછી ફોનથી આખીયે વાત માંડીને કરી... બંનેના હૈયામાં અનેક પ્રશ્નો હતા. સંગીતની પરિભાષામાં કહીએ તો એક લય-સૂર-તાલમાં ગીત સંયોજિત થયા બાદ એક નવા ટ્રેડમાં એને ઢાળવાનું હતું. તબીબી ક્ષેત્ર છોડવું? છોડવું નહિ અને સંગીત ક્ષેત્રે કામ કરવું? વ્યવસાય અને શોખ આ બે વચ્ચેની ભેદરેખાઓ, વગેરે બાબત ખાસ્સી લાંબી વાતો થઈ ... અનેક ઉદાહરણો પણ ચર્ચાયા. સરવાળે નિષ્કર્મ પર આવ્યા બાદ પાર્થે જયારે કહ્યું કે 'મામા તમારો બહુ સમય લીધો.' ત્યારે મામાએ જવાબમાં કહ્યું કે, 'શ્રાવણ મહિનો છે, આપણી પરંપરામાં ભાણેજને જમાડવાનો રિવાજ છે. તું અમેરિકાથી અહીં જમવા તો ન આવી શકે પરંતુ એક અર્થમાં મેં તને વિચાર ભોજન કરાવ્યું એનો મને આનંદ છે.' આમ પાર્થ અને દિશાના મનમાં રહેલા કેટલાક પ્રશ્નો અને વિચારો બાબતે ચિત્ર સ્પષ્ટ થયું

યુવાનવયે ઉંમરનો એક તબક્કે આવે છે જયારે કારકિર્દી નક્કી કરવાની હોય છે. એકવાર કારકિર્દી નક્કી કર્યા બાદ અથવા તો એક - બે દાયકા એ કારકિર્દીમાં બરાબર મહેનત કર્યા બાદ એ ક્ષેત્ર છોડીને પોતાને રસ છે એવા બીજા ક્ષેત્રમાં જવાનું આવે ત્યારે પ્રશ્ન વધુ પેચીદો બને છે.

સ્વાભાવિક છે કે ઉંમર-સ્વાસ્થ્ય-ઘર-પરિવારની સામાજિક જવાબદારીઓ, આર્થિકવ્યવસ્થા આ બધાનો વિચાર કરીને એક નિર્ણય લેવાનો હોય છે અને એવા સમયે યોગ્ય-પરિપક્વ અને સાચી દિશાનું માર્ગદર્શન મળે તો વધુ આનંદ થયો હોય છે. કરવાનું પોતાને જ છે પરંતુ કારકિર્દીના વળાંકે આમ - જવું કે તેમ જવું એની કશ્મકશના સમયે આવું વિચાર ભોજન મહત્ત્વપૂર્ણ બની જાય છે.

જયારે જયારે આવા નૂતન વિચારોના આવિષ્કાર થાય છે અને એના માટે મનોમંથન થાય છે ત્યારે આખરે એમાં જોડાયેલા સહુ કોઈની આસપાસ જ્ઞાનના અજવાલા રેલાય છે....

●●●

**જો પહોંચવું જ હોય તો**
**અડચણ કશી નથી,**
**શંકાથી હું શરૂ કરી,**
**શ્રદ્ધા સુધી ગયો**

**- ડો. રઈશ મણીયાર**